હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ

મેમ, માનો કે પેલી સરકારી આવે તો, હોમવર્ક માફી મળવાની કોઈ શક્યતા ખરી...?

ધર-ધર ગેસ સિલિન્ડર પહોંચાડવાનો ઉદ્દેશ્ય છે : મોદી

મેરા બુથ સબસે મજબૂત માટે સંકલ્પબદ્ધ થવા મહિલાઓને સૂચન : ભાજપ રાષ્ટ્રીય મહિલા મોરચાના અધિવેશનમાં મોદીએ સરકારની સિદ્ધિની વિસ્તારપૂર્વક વાત કરી : દેશવાસીના સપના પૂર્ણ કરવાની જવાબદારી : મોદી

અમદાવાદ, તા.૨૨

ભાજપ રાષ્ટ્રીય મહિલા મોરચાના અધિવેશનમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે દેશભરમાંથી પહોંચેલી મહિલા કાર્યકરોને પ્રેરક માર્ગદર્શન પુરૂ પાડ્યું હતું. મોદીએ પોતાની સરકારની સિદ્ધિઓની વિસ્તારપૂર્વક વાત કરી હતી અને દેશના લોકો સુધી તમામ કામગીરીને લઈ જવા અને એક એક વ્યક્તિનો સંપર્ક કરવા ઉપસ્થિત કાર્યકરોને સૂચન કર્યું હતું. મોદીએ કહ્યું હતું કે દેશવાસીઓના સપના આપણા સપના છે. તેમને પૂર્ણ કરવા તે આપણી જવાબદારી છે. મોદીએ એમ પણ કહ્યું હતું કે પંચાયતથી લઈને સંસદ સુધી ભાજપ માટે જન જનના વિશ્વાસને સંપાદન કરવામાં નારી શક્તિની મહત્વની ભૂમિકા રહેલી છે. મોદીએ પોતાના સંબોધનના અંતે સૂચન કરતા કહ્યું હતું કે મેરા બુથ સબસે મજબૂત માટે સંકલબદ્ધ થવાની જરૂર છે. મહિલાઓને હાકલ કરતા મોદીએ કહ્યું હતું કે પોતના વિસ્તારમાં દરેક વ્યક્તિની સાથે સંપર્ક કરીને તેમની તકલીફો દુર કરવાના પ્રયાસ ખૂબ મહત્વપૂર્ણ બાબત છે. રાષ્ટ્રીય મહિલા અધિવેશનમાં ખુલ્લા અધિવેશનમાં હાઉસ ફુલના શો વચ્ચે મોદીએ પોતાની સરકારની સિદ્ધિઓની વાત કરી હતી. ગુજરાતના મુખ્યમંત્રી વિજય રૂપાણી, કેન્દ્રિય મંત્રીમંડળમાં રહેલી મહિલા પ્રધાનો પણ ઉપસ્થિત રહી હતી. મોદીએ પ્રત્યેક મહિલા કાર્યકરને હૃદયપૂર્વક અભિનંદન પાઠવ્યા હતા. અધિવેશનની અભૂતપૂર્વ સફળતા બદલ દરેક મહિલા કાર્યકરનો આભાર માન્યો હતો. પાંચ સાલ ૫૦ નિર્ણયની પુસ્તિકા દ્વારા છેલ્લા સાડા ચાર વર્ષના ગાળામાં કેન્દ્રની ભાજપ સરકારે મહિલાઓની પ્રગતિ માટે કરેલા કાર્યો અંગેની પુસ્તિકા માટે વડાપ્રધાન અભિનંદન પાઠવવાની સાથે સાથે દેશની ભાજપ શાસિત રાજ્યોની તથા જિલ્લા, નગરપાલિકાઓમાં મહિલાઓના કલ્યાણ માટે કરેલા વિકાસ કાર્યો પણ જન જન સુધી પહોંચાડવા માર્ગદર્શન આપ્યું હતું. મોદીએ કહ્યું હતું કે સરદાર વલ્લભભાઈ પટેલે આજથી ૯૦ વર્ષ પહેલા અમદાવાદ મ્યુનિસિપાલટીમાં મહિલા આરક્ષણની વાત કરીને તમામને ચોંકાવી દીધા હતા. સરકારની મોટાભાગની ફ્લેગશીપ યોજનાઓમાં કેન્દ્રબિંદુમાં મહિલાઓ હોવાનો દાવો મોદીએ કર્યો હતો. મોદીએ એમ પણ કહ્યું હતું કે છેલ્લા સાત દાયકાઓમાં દેશની જનતાએ તમામ વિકલ્પોને અજમાવ્યા બાદ ભાજપને જવાબદારી સોંપી હતી અને ભાજપ સરકારે પોતાની જવાબદારી અદા કરવામાં સફળતા હાંસલ કરી છે. મોદીએ પ્રધાનમંત્રી આવાસ યોજનાની વાત કરતા કહ્યું હતું કે ૯૦ લાખ મહિલાઓ ઘરની માલિક બની છે. મુદ્રા યોજનામાં ૭૦ ટકાથી વધુ લાભાર્થી મહિલાઓ છે. જન ધન યોજનાની વાત કરતા મોદીએ કહ્યું હતું કે આ યોજનામાં ૩૪ કરોડ બેન્ક ખાતામાંથી ૧૮ કરોડ બેન્ક ખાતા મહિલાઓના ખુલ્યા છે. સુકન્યા સમૃદ્ધિ યોજના દ્વારા ૧.૫૦ કરોડ મહિલાઓના ખાતામાં ૩૦ હજાર કરોડ રૂપિયા જમા થઈ ચુક્યા છે. મુદ્રા યોજનાના ૧૫ કરોડ લાભાર્થીઓમાં ૧૧ કરોડ મહિલા લાભાર્થી છે.

નાતાલના દિવસે જિલ્લા દલિત સેનાની બેઠક યોજાશે

ગાંધીનગર, તા. ૨૨

ગાંધીનગરમાં આગામી તા. ૨૫મી ડિસેમ્બરે જિલ્લા દલિત સેના દ્વારા સવારે ૯.૩૦ કલાકે સેક્ટર-૧૨માં ડૉ. બાબાસાહેબ આંબેડકર ભવન ખાતે બેઠકનું આયોજન કરવામાં આવ્યું છે. આ બેઠકમાં ડૉ. બાબાસાહેબ આંબેડકર ફેલોશિપ એવોર્ડ-૨૦૧૮ પ્રાપ્ત કરનાર સંસ્થાના જિલ્લા પ્રમુખ બાબુભાઈ મેસરવાલાનું સન્માન કરાશે તેમજ સંસ્થાના નવા હોદ્દેદારોની વરણી પણ હાથ ધરાશે.

દિલ્હી સ્થિત ભારતીય દલિત સાહિત્ય અકાદમી દ્વારા ગાંધીનગર જિલ્લા દલિત સેનાના પ્રમુખ બાબુભાઈ મેસરવાલાને ડૉ. બાબાસાહેબ આંબેડકર ફેલોશિપ એવોર્ડ-૨૦૧૮થી સન્માનવામાં આવ્યાં છે. જિલ્લા દલિત સેનામાં તેમના બહુમાન સાથે નિવૃત અધિક સચિવ સ્વ. પી.એચ. સર્વોકરને શ્રદ્ધાંજલિ અર્પિત કરવામાં આવશે. આ ઉપરાંત બેઠકમાં નવા હોદ્દેદારોની વરણી તથા ભાવિ કાર્યક્રમો અંગે ચર્ચા જેવા કાર્યો હાથ ધરાશે. આ બેઠકમાં ઉપસ્થિત રહેવા સંસ્થાના સભ્યોને અનુરોધ કરવામાં આવ્યો છે.

પાલિતાણામાં કતલખાના બંધ ન થાય તો ઉગ્ર આંદોલન કરાશે

કાંતિકારી રાષ્ટ્રીય સંતની સ્પષ્ટ ચેતવણી : સંત આચાર્ય સંજયમુનિ મહારાજે જાતે ઝુંપડપટ્ટીઓમાં ફરી ગરીબોને ટેન્ટ, ધાબળા અને રાશનનું કરેલું વિતરણ

અમદાવાદ, તા.૨૨

જૈનોના પવિત્ર તીર્થધામ શેત્રુંજય-પાલિતાણાના અનેક વિસ્તારોમાં ગેરકાયદે રીતે ધમધમતા કતલખાન અને માંસ-મટનના ખુલ્લેઆમ વેચાણના વિરોધમાં હવે જૈન સમાજ ફરી એકવાર શાંતિપૂર્ણ રીતે રાષ્ટ્રવ્યાપી આંદોલનની ઘોષણા કરવામાં આવી છે. આજે અમદાવાદ શહેરની મુલાકાતે આવેલા વધુ એક જૈન મુનિ અને કાંતિકારી રાષ્ટ્રીય સંત આચાર્ય શ્રી સંજયમુનિ મહારાજે આ મામલે ઉગ્ર આંદોલનની ચીમકી આપતાં જણાવ્યું હતું કે, શેત્રુંજય-પાલિતાણાના પવિત્ર તીર્થધામોમાં કતલખાનાઓ અને માંસ,મટન અને મચ્છીની હાટડીઓ તાત્કાલિક ધોરણે બંધ કરવા માટે કેન્દ્ર સરકાર અને રાજય સરકારે નક્કર પગલાં ભરવા જોઈએ. હજુ જો આ મામલે સત્વરે નિર્ણય નહી લેવાય તો, જૈન સમાજ દ્વારા આગામી દિવસોમાં ઉગ્ર અને અહિંસક આંદોલન છેડવામાં આવશે.

આ રાષ્ટ્રવ્યાપી આંદોલનમાં સમાજના તમામ ધર્મ અને વર્ગના લોકોને પણ સામેલ કરાશે. ગરીબ અને જરૂરિયાતમંદ લોકો માટે સતત સેવાકાર્યો કરતી લેટ્સ હેલ્પ સંસ્થાના કાર્યક્રમમાં આવેલા રાષ્ટ્રીય સંત આચાર્ય શ્રી સંજયમુનિ મહારાજે શહેરની ગરીબ ઝુંપડપટ્ટીઓ અને ગરીબ વિસ્તારોમાં જાતે ચાલતા ફરી ગરીબ અને જરૂરિયાતમંદ લોકોને ૩૦૦ જેટલા ટેન્ટ, એક હજાર ધાબળાં અને એક હજાર જેટલી રાશનકીટ સહિતની સામગ્રી વિતરણ કરી હતી. આ પ્રસંગે કાંતિકારી રાષ્ટ્રીય સંત સંજયમુનિ મહારાજે જણાવ્યું હતું કે, જીવનમાં માનવ સેવા એ જ પ્રભુ સેવા છે. ગરીબ, નિસહાય, નિરાધાર અને જરૂરિયાતમંદ લોકોની સેવા અને તેમના કલ્યાણનું કાર્ય કરવું એ જ સાચી સેવા છે. જૈન મુનિએ પગપાળા ચાલતા ઝુંપડપટ્ટી વિસ્તારોમાં જઈ ગરીબ લોકોને ટેન્ટ, ધાબળા અને રાશન કીટ(ઘઉં, ચોખા, દાળ, ખાંડ, તેલ, ચા, મરચુ-મસાલા, ગોળ વગેરે) સહિતની સામગ્રી વિતરણ કરતાં જોઈ નગરજનોમાં પણ ભારે આશ્ચર્ય સર્જયુ હતું અને લોકોમાં સમાજસેવાની પ્રેરણા જગાવી હતી. રાષ્ટ્રીય સંત શ્રી સંજય મુનિ દ્વારા ગરીબ લોકોને સામગ્રી વિતરણના આજના કાર્યક્રમમાં લેટ્સ હેલ્પ સંસ્થાના મેનેજીંગ ટ્રસ્ટી દિનેશ પટેલ, કોર્ડિનેટર અનિલ સંઘવી, વંદનસિંહ ઝાલા, રાકેશ ખોખાણી સહિતના મહાનુભાવો ખાસ હાજર રહ્યા હતા. દરમ્યાન પાલિતાણામાં ગેરકાયદે ધમધમતા કતલખાના અને માંસ-મચ્છીની હાટડીઓ અંગેના પ્રશ્નના પ્રત્યુત્તરમાં કાંતિકારી રાષ્ટ્રીય સંત સંજયમુનિ મહારાજે સાફ શબ્દોમાં જણાવ્યું હતુ કે, આ માત્ર જૈન સમાજનો જ મામલો નથી પરંતુ વાત સમગ્ર હિન્દુ સમાજની અને તેની સાથે જોડાયેલી ધાર્મિક આસ્થાની છે. શેત્રુંજય-પાલીતાણા જેવા તીર્થધામોમાં આ પ્રકારની ગેરકાયદે હાટડીઓ કોઈ સંજોગોમાં સાંખી નહી લેવાય.

મેદરા કેનાલમાં ઝંપલાવી પ્રેમીયુગલે આપઘાત કરી લીધો હોવાની આશંકા

કેનાલની બહારથી બાઈક અને યુવક-યુવતીના ચંપલ મળ્યા : બાઈક નંબર આધારે પોલીસે તપાસ કરી તો બાઈક માલિક યુવાન અને તેની પ્રેમિકા બંને ગુમ હોવાનું જાણવા મળ્યું : બંનેના પરિવારજનો મેદરા આવી પહોંચ્યા : કેનાલમાં શોધખોળ ચાલુ

ગાંધીનગર, તા. ૨૨

ગાંધીનગર જિલ્લાના ડભોડા નજીક આવેલી મેદરા નર્મદા કેનાલની નજીકથી ગઈ કાલે એક બિનવારસી બાઈક કેનાલ સિક્યુરિટી સુપરવાઈઝરને જોવા મળ્યુ હતું. આ મામલે પોલીસને જાણ થતા પોલીસ સ્થળ પર આવી પહોંચી હતી. બાઈકની બાજુમાંથી યુવક અને યુવતીના ચંપલ પણ મળી આવ્યા હતા. મેદરા કેનાલની બહાર બાઈક પાર્ક કરીને પ્રેમી યુગલ યુવક-યુવતીએ કેનાલમાં ઝંપલાવી આપઘાત કરી દીધો હોવાની આશંકા સેવાઈ રહી છે. મેદરા કેનાલમાં બંનેની શોધખોળ પણ ચાલી રહી છે.



મળતી માહિતી મુજબ ગઈકાલે કેનાલ સિક્યુરિટી સુપરવાઈઝર કેનાલ પેટ્રોલિંગમાં હતો તે દરમિયાન મેદરા નર્મદા કેનાલની બાજુમાંથી એક બિનવારસી બાઈક મળી આવ્યું હતું. જીજે ૨૭ એ.ક્યુ ૭૩૭૧ નંબરના મળી આવેલા બાઈકની બાજુમાં એક યુવાન અને યુવતીના ચપ્પલ પણ પડયા હોવાનું જોવા મળ્યું હતું. આ મામલે કેનાલ સુપરવાઈઝરએ પોલીસને જાણ કરતા પોલીસ ઘટના સ્થળે આવી પહોંચી હતી અને કેનાલની બાજુમાં પડેલા બાઈકનો નંબર લઈ તેના માલિક સુધી પહોંચવા કવાયત શરૂ કરી હતી. આ તપાસ કરવા જતાં પોલીસને થઈ રહેલી પ્રેમીયુગલની આપઘાતની આશંકાની શક્યતાને વધુ સમર્થન મળ્યું હતું. બાઈક નંબરના આધારે તપાસ કરી તો અમદાવાદના એક યુવાનનું આ બાઈક હતું જે લાપતા હતો અને ખાનગી રાહે તપાસ કરવામાં આવતાં તેની પ્રેમિકા પણ લાપતા છે. પોલીસે બંનેના પરિવારજનોને જાણ કરતા યુવક અને યુવતીના પરિવારના સભ્યો મેદરા પાસે આવી પહોંચ્યા છે. આજે દિવસભર કેનાલમાં બંનેની શોધખોળ હાથ ધરવામાં આવી હતી પરંતુ મોડી સાંજ સુધી તેમના કોઈ સગડ મળ્યા ન હતા.

દિવ્ય જયોતિ જાગૃતિ સંસ્થાન દ્વારા શહેરના શાસ્ત્રીનગર વિસ્તારમાં આવતીકાલથીશ્રીમદ્ ભાગવત કથાનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. દિવ્ય જયોતિ જાગૃતિ સંસ્થાન દ્વારા કથાની પૂર્વ સંધ્યાએ આજે ૧૨૦૦થી વધુ મહિલાઓ પારંપરિક વેશમાં ત્રણ કિલોમીટર લાંબી કળશયાત્રા કાઢવામાં આવી હતી, અમદાવાદની સૌથી મોટી એવી આ કળશ યાત્રાએ લોકોમાં ગજબનું આકર્ષણ જમાવ્યું હતું.

સમર્પણ ધ્યાન યોગ કેન્દ્ર ગાંધીનગર દ્વારા હોમગાર્ડઝ યુનિટ ડભોડા તા.જી. ગાંધીનગર ખાતે ધ્યાન યોગ શિબિરનું આજ રોજ આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં હોમગાર્ડઝ ઓફિસર કમાન્ડીંગ દશરથસિંહ એમ. પરમાર તથા ૭૫ હોમગાર્ડઝ જવાનોએ ભાગ લીધો હતો. હાજર રહેલ સભ્યોએ સમર્પણ ધ્યાન યોગની એક દિવસીય શિબિરનો પણ લાભ લીધો હતો. આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન મયંકભાઈ પ્રજાપતિ અને તેમની ટીમ દ્વારા કરવામાં આવ્યું હતું.

આજે જસદણ પેટાચુંટણીનું ભારે ઉત્તેજના વચ્ચે પરિણામ

ભાજપ-કોંગ્રેસ માટે ફાઇટ ટુ ફીનીશ જેવો જંગ

અમદાવાદ,તા. ૨૨

જસદણમાં જાણે ગુજરાત વિધાનસભાની ચૂંટણીઓ હોય એ પ્રકારે ભારે ઉત્તેજના અને ઉત્સાહ વચ્ચે જસદણ વિધાનસભાની તાજેતરમાં યોજાયેલી પેટાચૂંટણીના પરિણામો આવતીકાલે જાહેર કરવામાં આવશે. ભારે ઉત્તેજના અને રસાકસીભર્યા માહોલ વચ્ચે જસદણ વિધાનસભા બેઠકની મતગણતરી હાથ ધરવામાં આવશે. કુલ ૧૯ રાઉન્ડમાં થનારી આ મતગણતરીમાં બપોર સુધીમાં સમગ્ર ચિત્ર સ્પષ્ટ થઈ જશે તેવી શકયતા ચૂંટણી પંચના સૂત્રોએ વ્યકત કરી હતી. આ સાથે જ જસદણના પરિણામોને લઈ ભાજપ અને કોંગ્રેસમાં હાઈવોલ્ટેજ ડ્રામા અને ભારે ટેન્શનભર્યો માહોલ છવાયો છે કારણ કે, ભાજપના કુંવરજી બાવળિયા અને કોંગ્રેસના અવસર નાકીયા બંને માટે આ ફાઈટ ટુ ફીનીશનો જંગ છે. જે હારશે તેનું રાજકીય ચિત્ર પૂરું થઈ જાય તેવો ઘાટ છે. એટલું જ નહી, જસદણની ચૂંટણીના પરિણામોની અસર અને વર્તારો આગામી લોકસભાની ચૂંટણી પર સ્પષ્ટ રીતે પડે તેમ હોઈ બંને પક્ષમાં સ્વાભાવિક ટેન્શન અને ઉત્તેજનાનો માહોલ છવાયેલો છે. જસદણ વિધાનસભા બેઠકની પેટા ચૂંટણીની આવતીકાલે રવિવારે મત ગણતરી યોજાનાર છે.

આ પેટા ચૂંટણીમાં પોસ્ટલ બેલેટ ન હોવાથી સીધી મત ગણતરી શરૂ થનાર છે. જેમાં ૧૪ ટેબલ પર કુલ ૧૯ રાઉન્ડમાં મત ગણતરી કરવામાં આવશે અને અંદાજીત ચારેક કલાકમાં તમામ પરિણામો જાહેર થઈ જશે. ત્યારબાદ અંદાજે ૧૨ વાગ્યા આસપાસ ભાજપના ઉમેદવાર કુંવરજી બાવળિયા અને કોંગ્રેસના ઉમેદવાર અવસર નાકિયા બંનેમાંથી જે વિજેતા ઉમેદવાર બને તેમના દ્વારા વિજય સરઘસ કાઢવામાં આવે તેવી શક્યતા છે. રિટર્નીંગ ઓફિસર એ.એચ.ચૌધરીના જણાવ્યા મુજબ, આ પેટા ચૂંટણીમાં કુલ ૨૬૨ મતદાન મથકો હતા. જેમાં ૨,૩૨,૧૧૬ મતદારોમાંથી ૧,૬૫,૩૨૫ મતદારોએ મત આપ્યા છે.

કેન્દ્રીય ચૂંટણી પંચની જોગવાઈ મુજબ મત ગણતરી કેન્દ્રમાં ૧૪ ટેબલ ગોઠવવામાં આવશે અને મત ગણતરીમાં એકસાથે ૧૪ ઈવીએમમાં પડેલા મતોની ૧૮+૧ એમ ૧૯ રાઉન્ડમાં ગણતરી થશે. દરેક ટેબલ પર મત ગણતરી માટે માઈક્રો ઓબ્ઝર્વર, કાઉન્ટિંગ સુપરવાઈઝર અને એક કાઉન્ટીંગ આસીસ્ટન્ટ મુકવામાં આવનાર હોવાનું પણ તેમણે ઉમેર્યું હતું.

"એક હતો "કિશોર", નહીં ભુલવા દઉ"

માતૃભાષા ગૌરવ પ્રતિષ્ઠાનના ઉપક્રમે ૧૫મી કાર્યશાળામાં કવિ કિશોર જીકાદરાનો ગઝલ પઠન કાર્યક્રમ યોજાયો : "માણસ છું પણ માણસ જેવા નથી થવાતુ" જેવી ધારદાર ગઝલોએ શ્રોતાઓને રોમાંચિત કર્યા

ગાંધીનગર, તા. ૨૨

"શા માટે દેશાતર જાવુ છે રમવા,
ખિસકોલી સાથે ફળિયે નથી રમાતુ?"

વાહ વાહ, બહોત અચ્છે, ખૂબ સરસ, જોરદાર..!! જેવી દાદ આપતા પોકારો વચ્ચે આજે પાટનગરના જાણીતા કવિ કિશોર જીકાદરાએ ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી ખાતે સતત બે કલાક સુધી સ્વરચિત ગઝલ રસ પીરસ્યો હતો. માતૃભાષા ગૌરવ પ્રતિષ્ઠાનના ઉપક્રમે યોજાતી કાર્યશાળાની હારમાળાના ભાગરૂપે આજે યોજાયેલ પંદરમી કાર્યશાળામાં કિશોર જીકાદરાની સ્વરચિત ગઝલોના પઠનનો કાર્યક્રમ યોજાયો હતો.

ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના સભાખંડમાં ઉપસ્થિત ભાષા, સાહિત્ય અને ગઝલરસિકોને "જલ્સો" કરાવતા આ કાર્યક્રમના પ્રારંભે કિશોર જીકાદરાએ શ્રોતાઓને ગઝલના બંધારણને સમજાવતા કહ્યું હતું કે "ગુજરાતી ભાષામાં ગઝલના પ્રવેશને આઠ દાયકા થયાં છે અને ગુજરાતી ભાષા ગઝલને નોંધપાત્ર સ્થાન પ્રાપ્ત થયું છે." ગઝલના વિવિધ પાસાંઓને ઝીણવટપૂર્વક સરળ ભાષામાં સમજાવવા સાથે તેમણે ગઝલની વ્યાખ્યા કરતા કહ્યું કે "ગઝલ એટલે ટૂંકા શબ્દોમાં ઘણું બધુ કહી દેવુ." ગઝલના માળખાની સમજ આપ્યા બાદ તેમણે થોડાક છુટા શેર સાથે શરૂઆત કરી હતી અને પછી એક પછી એક ચોટદાર ગઝલોનો મારો ચલાવ્યો હતો જેને શ્રોતાઓએ "વાહ વાહ"ની દાદ અને તાળીઓના તાલે વધાવી લીધો હતો. દરેક શેરના ઊંડાણને દૃષ્ટાંત સાથે સમજાવતા રજૂ કરાયેલી ધારદાર ગઝલોની ગહનતા શ્રોતાઓએ મન ભરીને માણી હતી. "લાગે છે કે નામ સહિત ભુંસાયો છું," "ધારૂ તો હું શ્વાસ પર હે રામ લખી દઉં," "અમે નકશો બનાવ્યો છે, હજુ વસવાટ બાકી છે," "માણસ છુ પણ માણસ જેવા નથી થવાતુ," "કેમેરાની સામે હસીએ તો કેવુ લાગે," "એક જ વરસમાં એક જ ફાગણ તોય મજા છે પાંપણ વચ્ચે" અને "જ્યારથી તારા ઉપર અધિકાર જેવું ના રહ્યું, ત્યારથી ગામમાં મારે ઘરબાર જેવું ના રહ્યું" જેવી અઢળક ગઝલોના આસ્વાદને માણીને શ્રોતાઓ તરબતર થઈ ગયાં હતા. આ કાર્યક્રમમાં શહેર વસાહત મહામંડળના પ્રમુખ અરૂણ બુચ, ગાંધીનગર સાહિત્ય સભાના પૂર્વ પ્રમુખ ભરત કવિ, જીપીએસસીના પૂર્વ ચેરમેન પ્રવિણભાઈ વઘાસીયા, પેરા લીગલ વૉલિયેન્ટર્સ સુધીર દેસાઈ અને સીતારામભાઈ સહિત શહેરના અનેક સાહિત્યકારો અને માતૃભાષાપ્રેમીઓ ઉપસ્થિત રહ્યાં હતા. કાર્યક્રમમાં એલઆઈસીના દિનેશ શુકલ તથા રીટા શુકલ દ્વારા અલ્પાહારની વ્યવસ્થા કરવામાં આવી હતી. કાર્યક્રમના અંતે શ્રોતાઓને કવિની આ પંક્તિઓ તાદશ્ય થતી લાગી હતી કે "એક હતો કિશોર નહી ભુલવા દઉ."

નાતાલના દિવસે જલ્સા સ્ટ્રીટમાં હેલ્થ ચેકઅપ યોજાશે

ગાંધીનગર, તા. ૨૨

ગાંધીનગરમાં ફરી એકવાર ઘ-૪ સર્કલે તા. ૨૫મી ડિસેમ્બર મંગળવારે નાતાલના દિવસે સવારે ૭.૩૦ કલાકે જલ્સા સ્ટ્રીટનું આયોજન કરાયું છે. "મારૂ ગાંધીનગર" દ્વારા આયોજિત જલ્સા સ્ટ્રીટમાં કેન્દ્રિયમંત્રી મનસુખ માંડવિયા ઉપસ્થિત રહેશે.

નાતાલના દિવસે સવારે યોજાનાર જલ્સાસ્ટ્રીટમાં દર વખતની જેમ ઝુમ્બા, ડાન્સ, ગરબા, ગેમ્સ રોડ પેઈન્ટિંગ વગેરે ઉપરાંત આ વખતે પ્રધાનમંત્રી ભારતીય જનઔષધ પરિયોજના અંગે જાગૃતિ ફેલાવવા અંગેના કાર્યક્રમનું પણ આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમ અન્વયે જલ્સા સ્ટ્રીટમાં પહેલીવાર નાગરિકોના હેલ્થ અને ડેન્ટલ ચેકઅપ પણ યોજવામાં આવશે જેનો લાભ દરેક નગરજનોએ લેવા મારૂ ગાંધીનગર દ્વારા જાહેર અનુરોધ કરવામાં આવ્યો છે.

પરિણામ પહેલાં કોંગ્રેસ દ્વારા હવન, ભાજપ દ્વારા રામધૂન

જસદણમાં ભાજપ-કોંગ્રેસ ભગવાનના ભરોસે : પરિણામને લઇ જસદણ સહિત ગુજરાતના રાજકારણમાં ભારે ઉત્તેજના છવાઇ : બંને પક્ષો માટે પ્રતિષ્ઠાનો સવાલ

અમદાવાદ, તા.૨૨

આવતીકાલ રવિવારે જસદણ પેટાચૂંટણીનું પરિણામ જાહેર થનાર છે. જેમાં ભાજપ-કોંગ્રેસ દ્વારા એકતરફ જીતના દાવાઓ કરવામાં આવી રહ્યા છે. પરંતુ જીતને લઈને બંને પક્ષો આજે ભગવાનના શરણે ગયા હતા. જેમાં કોંગ્રેસ દ્વારા હોમ-હવન કરીને અને ભાજપ દ્વારા રામધૂન તેમજ પ્રાર્થના કરીને જીતની કામના કરવામાં આવી હતી. પરિણામને લઈ જસદણ સહિત ગુજરાતના રાજકારણમાં ભારે ઉત્તેજના છવાઈ છે. શનિવારે ભાજપ-કોંગ્રેસના કાર્યકરોએ પોતાના ઉમેદવારને જીતાડવા માટે ભગવાનની પૂજા-અર્ચના કરતા જોવા મળ્યા હતા. જેમાં આટકોટ રોડ પરના કોંગ્રેસ મધ્યસ્થ કાર્યાલય ખાતે અવસર નાકીયાને જીતાડવા માટે કોંગી કાર્યકરો દ્વારા હોમ-હવન કરવામાં આવ્યા હતા.

આ તકે નાકિયાએ પણ ભગવાનની પૂજા-અર્ચના જીત મેળવવા પ્રાર્થના કરી હતી. બીજી તરફ ભાજપના ઉમેદવાર કુંવરજી બાવળીયાને જીતાડવા માટે ભાજપના કાર્યકરોએ એક પગે ઉભા રહી રામધુન બોલાવી હતી. એટલું જ નહીં ભાજપના મુસ્લિમ આગેવાનોએ બાવળીયાની જીત માટે અલ્લાહને ઈબાદત કરવામાં આવી હતી. આ તકે મોટી સંખ્યામાં સ્થાનિક લોકો તેમજ ભાજપના આગેવાનો અને કાર્યકરો હાજર રહ્યા હતા. જસદણની બેઠક જીતવી એ ભાજપ અને કોંગ્રેસ માટે ઈજ્જતનો સવાલ હોઈ બંને પક્ષના ઉમેદવારો ગમે તે ભોગે જીતની આશ લગાવીને બેઠા છે.